બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# સુંદર પણ મૂર્ખ
# રાજા



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest

અનુકૂલન : Lyn Doerksen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી
ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

હવે શમુએલ જે ઈસ્રાએલી લોકોનો ન્યાયાધિશ અને આગેવાન હતો. તે વૃદ્ધ થઈ ગયો હતો. તેણે તેના દીકરાઓનો ન્યાય કરવા માટે ઠરાવ્યા, જેથી તેઓ ઈશ્વરની સેવા કરી શકે. તેઓએ પૈસા પર પ્રેમ કર્યો અને પોતાના



અધિકારનો અપ્રમાણિક પણે ઉપયોગ કર્યો.

તેના પુત્રોની ભૂંડાઈને કારણે ઈસ્રાએલી લોકો ઘણા હેવાન થયા. કોર્ટ પણ અયોગ્ય રીતે કામ કરી રહી હતી.



જયારે લોકોને શમુએલના દીકરાઓની મદદની જરુર પડતી ત્યારે તેઓએ નાણાં ચુકવવા પડતાં.



કાંઈક તો કરવું જોઈતું હતું. એક દિવસે, ઈસ્રાએલના વડીલો ભેગા થયા અને શમુએલની મદદ માગી.



“અમને રાજા આપ જેથી તેઓ અમારો ન્યાય કરે.” વડીલોએ માંગણી કરી. તેઓ શમુએલના ભૂંડા દીકરાઓ તેમનો ન્યાય કરે તેવું તેઓ ઈચ્છતા ન હતા. બીજા રાજયોની જેમ તેમણે પણ રાજાની માંગણી કરી.



શમુએલ ગુસ્સે થયો. ઈસ્રાએલ પાસે રાજા
તો છે જ! ઈશ્વર જે સર્વશકિતમાન અનંતકાળીક,
ઈસ્રાએલ પર રાજય કરતો હતો. જેણે તેમને ઘણા
વર્ષો પહેલા મિસરની ગુલામી છોડાવ્યા હતા,
જેણે લાલ સમુદ્રના બે ભાગ કરીને તેને
બચાવી લીધા હતા.



ત્યારે તેણે
ઈસ્રાએલને સુંદર
ભૂમિ પણ પૂરી
પાડી હતી.

જ્યારે શમૂએલે પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરે તેને કહ્યું કે, “તેઓએ તને નહીં, પણ મને નકાર્યો છે, કે જેથી હું તેમની ઉપર રાજ ન કરું. તેઓએ બીજા દેવો બનાવ્યા છે. તેઓનું સાંભળીને તું તેમને રાજા ચૂંટી આપ.”





ઈશ્વરે શમૂએલને કહ્યું
કે લોકોને ચેતવણી
આપ કેમકે આ રાજા
કર ઉઘરાવશે, તે
પોતાની જાતને તથા
તેમના મિત્રઓને જ
મદદ કરશે અને
તમારી દ્રાક્ષાવાડીઓ
લઈ લેશે.



તમારા દીકાઓને
લશ્કરમાં સામેલ
કરશે, અને
તમારી દીકરીઓ
પાસે પણ કામ
કરાવશે.






લોકો ગમે તે થાય પણ તેમને રાજા જોઈતો હતો.


ઈશ્વરે શમૂએલને
દોરવણી આપી જેથી
તે એક સુંદર શરમાળ,
અને ઊંચો કારણ કે
તેનું માથુ દરેકના માથા
કરતાં ઊંચુ હતું.



જેનુ નામ શાઊલ
હતું. જ્યારે શમૂએલે
શાઊલને જોયો ત્યારે
ઈશ્વરે તેને પ્રેરણા આપી
કે “આ મારા લોક પર
રાજ્ય કરશે.”

શમૂએલે ઈશ્વરને આધિન થઈને શાઉલને ઈસ્રાએલનો રાજા થવા માટે અભિષિક્ત કર્યો. જ્યારે તે રાજાને લઈને લોકો પાસે આવીને તેને રજૂ કર્યો ત્યારે લોકોએ બૂમ પાડી કે, “રાજાનું આયુષ્ય ઘણું લાંબુ થાઓ.”



થોડા જ સમયમાં શાઉલ રાજાની ચકાસણી થઈ.
આમોનીઓ, જેઓ ઈસ્રાએલીઓને ધિક્કારતા હતા
તેઓ ઈસ્રાએલી શહેરોને ઘેરી લીધું અને ...



... તેમને ધમકાવ્યા કે તેઓ દરેક માણસની જમણી આંખ કાઢી લેશે. આ ધમકીના સમાચારા શાઉલ રાજા પાસે પહોંચ્યા તેણે લશ્કર તૈયાર કર્યું.





જ્યારે બે સૈન્યોનો સામનો થયો ત્યારે શાઉલે આમોનીઓનો નાશ કરીને શહેરને બચાવી લીધું. શાઉલ રાજાએ ઈશ્વરનો મહિમા કર્યો અને કહ્યું કે, "...આજે ઈશ્વરે ઈસ્રાએલમાં પોતાનું તારણ દેખાડી આપ્યું છે."

ઈશ્વરે તે દિવસે શાઉલને મોટો વિજય અપાવ્યો. પણ શાઉલે હંમેશા ઈશ્વરને માન આપ્યું નહીં. એક દિવસે પલિસ્તીઓ સાથે લડાઈ કર્યા પહેલા શાઉલે ઈશ્વરને બલિદાન ચઢાવ્યું.



તેને ખબર હતી કે તે શમુએલનું કાર્ય હતું. તેને ખબર હતી કે ઈશ્વર ઈચ્છે છે કે શમુએલ ન આવે ત્યાં સુધી તેણે રાહ જોવાની હતી.

પણ શાઉલે ઈશ્વરની આજ્ઞાને અવગણી.



જ્યારે શમુએલ આવ્યો ત્યારે તેણે શાઉલને કહ્યું કે, “તેં મૂર્ખાઈ કરી છે. તેં ઈશ્વરની આજ્ઞા માની નથી. તેથી તારું રાજ્ય ટકી રહેશે નહીં.”



શાઉલે વિચાર્યું કે આ તો નાનુ પાપ છે. પણ ઈશ્વરની આજ્ઞાની અવગણના તે બહુ ગંભીર બાબત છે.



બીજી વખતે, ઈશ્વરે
શાઉલને આજ્ઞા કરી કે તેણે
અમાલેકનો સંપૂર્ણ સંહાર



કરવાનો છે.
પણ તેણે
અમાલેકના
રાજા આગાગને
જીવતો રહેવા
દીધો.

તેઓએ કિંમતી વસ્તુઓ
ઘેટાં અને ઢોરઢાંકને પણ
લઈ લીધા. અને શાઉલે



કહ્યું કે,
“એ આ બધી
વસ્તુઓ ઈશ્વરને
બલિદાન ચઢાવવા
માટે લાવ્યો
હતો.”



શમૂએલે શાઉલને
કહ્યું કે, “બલિદાન
કરતા આજ્ઞાપાલન વધારે
મહત્વના છે.” તેં ઈશ્વરના
વચનને નકાર્યા છે, તેથી
ઈશ્વરે તને ઈસ્રાએલનો
રાજા બની રહે માટે
નકાર્યો છે.



શાઊલને પોતાના પાપ માટે
દુ:ખ થયું. પણ હવે ઘણું મોડું
થઈ ગયું હતું. ત્યારબાદ તેનું
બાકીનું જીવન દુ:ખથી ભરાઈ
ગયું કારણ કે તે ઈશ્વરને
આધિન થયો નહિં.

# સુંદર પણ મૂર્ખ રાજા

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

૧ શમૂએલ ૮-૧૬

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે
મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી
તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો.
જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી
શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું
તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬